# જાદુઈ ગણિત

## (સરલ કદમ)




TOGETHER IN DEVELOPMENT AND EDUCATION


TIDE
FOUNDATION

## લેવલ ૨

(બુકલેટ 02)


આપો અને લો

**૧. બેંક એ થી પાછા ફરતી વખતે વિવાન થી અમુક સિક્કા રસ્તામાં પડી ગયા. તેથી તે જ રસ્તે પાછા ફરતા કેટલા સિક્કા પડી ગયા હતા, તેની ગણતરી કરો**




કુલ કેટલા સિક્કા છે તેની ગણતરી કરીને લખો ______

**૨. ચાલો બરણીમાં વધુ ટોફીઓ/ચોકલેટ દોરીએ જેથી દરેક બરણીમાં છટોફી/ચોકલેટથઈ જાય**



ક) પહેલી બરણીમાં તમે કેટલી ટોફીઓ/ચોકલેટો દોરશો? ________

ખ) બીજી બરણીમાં તમે કેટલી ટોફીઓ/ચોકલેટો દોરશો? ________

ગ) ત્રીજી બરણીમાં તમે કેટલી ટોફીઓ/ચોકલેટો દોરશો? ________


ઘ) ચોથી બરણીમાં તમે કેટલી ટોફીઓ/ચોકલેટો દોરશો? ________

---

**3.**



પીંકુ | રીનુ | હર્ષ | ટીના




ક) કોની પાસે સૌથી વધારે દડા છે? ________

ખ) કોની પાસે સૌથી  ઓછા દડા છે? ________


ગ) રીનુ કહે છે કે તેણીની પાસે પીંકુ કરતા વધુ દડા છે. તો તેની પાસે પીંકુની સરખામણી એ કેટલા વધુ દડા છે? ________

ઘ) હર્ષ કહે છે,“ મારી પાસે રીનુ કરતા વધુ દડા છે.” તો તેની પાસે રીનુ કરતા કેટલા વધુ દડા છે? ________


ङ) ટીના બધાને કહે છે,“ તમે ત્રણેય જો તમારા સૌનાં દડા ભેગા કરો, તો પણ તમારા ત્રણેયનાં દડાઓ ની કુલ સંખ્યા પણ મારા દડાઓની સંખ્યા કરતા વધુ નહીં થાય. શું આ વાત સાચી છે? ________




ચ) પિંકુ, રીનુ હર્ષ અને ટીના ક્રિકેટ રમવા જાય છે. પીંકુ પાસે ૧બેટ છે, રિનુ પાસે ૨બેટ છે, હર્ષ અને ટીના પાસે ૧-૧બેટ છે. તો તેઓ પાસે કુલ મળીને કેટલા બેટ છે? _____




છ) તેમને ખબર પડી કે 3 બેટ તો તુટેલા છે, તો હવે તેમની પાસે કેટલા સારા બેટ વધ્યા?




જ) તેઓ સ્ટમ્પ બનાવવા માટે લાકડીઓ શોધી લાવે છે. પિન્કુને ૧લાકડી મળે છે, રીનુને ૨લાકડીઓ મળે છે, હર્ષને ૧ લાકડી મળે છે અને ટીનાને 3 લાકડીઓ મળે છે. તો શું તેઓ બંને બાજુ સ્ટમ્પ ગોઠવીને રમી શકશે? ___________



ઝ) હર્ષ આઉટ થઈ ગયો અને ૨ લાકડીઓ તૂટી ગઈ, તો હજી તેમની પાસે કેટલી લાકડીઓ છે?___________શું તેઓ હજુ પણ રમી શકશે?___________



ઞ) ટીના રન આઉટ થઈ ગઈ અને વળી બીજી 3 લાકડીઓ તૂટી ગઈ. તો હવે બંને બાજુએ જરૂરી સંખ્યામાં સ્ટમ્પ ગોઠવવા કેટલી વધુ લાકડીઓની જરૂર પડશે? ___________

| પીંકુ | રીનુ | હર્ષ | ટીના |
|---|---|---|---|
| ૨+૩+૪ | ૪+૬+૧ | ૧+૧+૧ +૪+૪ | ૬+૧+૨ +૨+૨+૧ |
| =________ | =________ | =________ | =________ |


ટ) આમાંનાં દરેક એ કેટલા કેટલા રન કર્યા? _________ કોણ જીત્યું? ________

**૪. યશ, રાજ અને મીત પોત પોતાનાં કુતરાઓને લઈને ચાલવા જાય છે.**











ક) અહીંકુલ મળીને કેટલા કુતરાઓ છે? _______

ખ) યશ તેનો ૧ કૂતરો રાજને આપે છે અને ૧ કૂતરો મીતને  આપે છે.
તો હવે, રાજ પાસે કેટલા કુતરા રહ્યા? _______
મીત પાસે હવે કુલ કેટલા કુતરા થઈ જશે? _______
યશ પાસે હવે કેટલા કુતરા રહેશે? _______

ગ) અહીં બેઠેલા કુતરાઓની સંખ્યા ગણો. _______
હવે કેટલા કુતરા ઊભા છે? _______

**૫. આજે રજાનો દિવસ હતો. રાજ અને તેના ૬ મિત્રોએ સાથે મળીને રાજનાં ઘરે ટીવી જોવાનું નક્કી કર્યું.**



ક) 3 મિત્રોને તેમનાં મોબાઈલ ચાર્જ કરવા હતા, પણ રૂમ/ઓરડા માં ફક્ત એક જ ચાર્જર હતું. તો કેટલા વધુ ચાર્જર જોઈશે?_____

ખ) ૪મિત્રોને કંટાળો આવતા તેઓ કેરમ રમવા લાગ્યા. તો હવે, હજુ કેટલા મિત્રો ટીવી જોઈ રહ્યા હશે? __________

ગ) તેમણે નાસ્તો મંગાવ્યો, પણ ૨ મિત્રોનેતો ઉપવાસ હતો. તો કેટલા મિત્રો નાસ્તો કરી શકશે?__________

ઘ) ૧ મિત્રને તેના પિતાનો ફોન આવતા જવું પડ્યું. તો હવે ઘરે કેટલા મિત્રો રહ્યા ?_______

ઙ) થોડા સમય પછી ૩ અન્ય મિત્રો પણ તેમની સાથે જોડાયા. તો હવે, રૂમ/ઓરડામાં કુલ કેટલા મિત્રો હશે? ________

૬.







ક) કુશા પાસે આર્યા કરતાં કેટલી પેન્સિલ વધુ છે? ________

ખ) આર્યાએ કુશા પાસેથી ૩ પેન્સિલ લીધી, તો હવે આર્યા પાસે કુલ કેટલી પેન્સિલ રહી? __________ અને હવે કુશા પાસે કેટલી પેન્સિલ રહી?__________

ગ) આર્યા પાસે કુશા કરતાં કેટલા કંપાસ વધુ છે? __________

ઘ) કુલ મળીને તે બંને પાસે કેટલા કંપાસ છ? __________

ઙ) આર્યા તેનાં દરેક કંપાસમાં એક-એક પેન્સિલ મૂકે છે, તો હવે કેટલી પેન્સિલ બહાર રહી જશે? __________

ચ) કુશાની ૨ પેન્સિલ તો ખરાબ નિકળી, તો હવે તેની પાસે કેટલી સારી પેન્સિલ છે? __________

**૭. આ વિસ્તારમાં ૮ લોકો રહે છે, પણ અહી ફક્ત ૬ જ ઘર છે.**



ક) જો વ્યક્તિ દીઠ એક ઘરની જરૂર હોય, તો હજી કેટલા નવા ઘર બનાવવાની જરૂર છે?

_______________

ખ) આ આઠેય લોકો પાસે ૧-૧ ગાય હતી. તેમાથી ૪ લોકોએ પોતાની ગાય વેચી દીધી. તો હવે કેટલા લોકો પાસે ગાય હશે? ______________


ગ) થોડા સમય પછી, ૩ લોકોએ ગામ છોડી દીધું, તો હવે ગામમાં કેટલા લોકો રહ્યા?

______________

ઘ) અહીં ફક્ત ૩ ઝાડ જ હતા. લોકોએ ૨ નવા ઝાડ વાવ્યા. તો હવે,ગામમાં કુલ કેટલા ઝાડ થયા? _______________

ઙ) એક ઝાડ પર ૭ પંખીઓ /પક્ષીઓ બેઠા હતા. જો તેમાંથી ૪ પંખીઓ/પક્ષીઓ ઊડી જાય, તો કેટલા પંખી/પક્ષી વધે?______________

૮.



ક) ચાલો ફૂલોની સંખ્યા ગણીએ અને લખીએ.________

ખ) મધમાખી ગણો. ________


ગ) પાંદડાની સંખ્યા કરતાં મધમાખીની સંખ્યા કેટલી વધુ છે? ________

ઘ) કેટલા વધુ ફૂલો જોઈશે જેથી દરેક મધમાખી ૧-૧ ફૂલ પર બેસી શકે? ________
ચાલો, જરૂરી વધારાનાં ફૂલોને દોરીએ

ઙ) વધારાનાં ફૂલો દોર્યા પછી પાંદડાની સંખ્યાગણો______

ચ) હવે મધમાખી કરતાં પાંદડાની સંખ્યા કેટલી વધુ થશે? ________

**૯. રામુ અને જગુ એક રમત રમી રહ્યા છે. જો બોલ બાસ્કેટમાં જશે તો તેમને પોઈન્ટ મળશે. દરેક બાસ્કેટના ૫, ૧૦ અને ૨૫ એમ જુદા જુદા પોઈન્ટ છે. પણ જો બોલ બાસ્કેટમાં ન જાય તો તેઓ ૧૦ પોઈન્ટ ગુમાવશે.**





ક) રામુ દડો ફેંકીને અનુક્રમે ૨૫ અને ૧૦ પોઈન્ટ મેળવે છે. તો રામુનો કુલ સ્કોર કેટલો થયો?

__________




ખ) જગુ દડો ફેંકીને અનુક્રમે ૧૦ અને ૫ પોઈન્ટ મેળવે છે. તો જગુનો કુલ સ્કોર કેટલો થયો?


______





ગ) કોનો સ્કોર સૌથી વધુ છે? _______

ઘ) તે બંનેના સ્કોરની વચ્ચે કેટલો ફરક/તફાવત છે? _______

ડ) રામુ એક દડો નાંખે છે અને તેને ૧૦ પોઈન્ટ મળે છે,પણ તેનો બીજો દડો કોઈ પણ બાસ્કેટમાં ન ગયો. તો રામૂનો સ્કોર કેટલો થશે ?________




ચ) જગુનો એક દડો ૨૫ પોઈન્ટ વાળા બાસ્કેટમાં જાય છે અને તેનો બીજો દડો કોઈ પણ બાસ્કેટમાં નથી જતો. તો જગુનો કુલ સ્કોર કેટલો થશે? ____________




છ) કોણે કેટલો વધુ સ્કોર કર્યો? ________

જ) રામુનો અત્યાર સુધીનો કુલ સ્કોર કેટલો થયો? (૨૫+૧૦+૧૦-૧૦) ________


ઝ) જગુનો અત્યાર સુધીનો કુલ સ્કોર કેટલો છે? ________

ઞ) જગુએ કહ્યું કે,"ચાલો ફરીથી રમીએ અને આ વખતે હું જીતી જઈશ."
રામુ દડો નાંખે છે અને તેને અનુક્રમે ૧૦ અને ૨૫ પોઈન્ટ મળે છે. તો રામુનો સ્કોર કેટલો થયો.

________





ટ) જગુ દડો નાંખે છે. કયા કયા બાસ્કેટમાં બોલ નાંખવા થી જગુ રામુથી જીતી શકે, તે બાસ્કેટમાં દડા દોરીને દર્શાવો.________



**૧૦.**






ક) આ દુકાનમાં કેટલા તરબૂચ છે? _______________

ખ) તરબૂચ અને પેર/નાસપતી/જામફળ/રામફળની કુલ મળીને સંખ્યા કેટલી છે?

_______________

ગ) ચિંટું 7 કેળાં જોઈએ છે,પણ હજુ સુધી તે માત્ર ૪ કેળા જ ખરીદી શક્યો છે. હજુ તેને કેટલાવધુ કેળાં ખરીદવા પડશે?_______________

ઘ) સફરજન અને નારંગીની કુલ સંખ્યા કેટલી થશે? _______________

ઙ) ચિંટુને ૯ સ્ટ્રોબેરી જોઈએ છે, પણ આ દુકાનમાંથી તેને ફક્ત ૫ સ્ટ્રોબેરી જ મળી.તો હજુ તેને વધુ કેટલી સ્ટ્રોબેરી ખરીદવી પડશે? _______________

ચ) બટાટા, સફરજન અને કેળાની કુલ સંખ્યા કેટલી થશે? _______________

**૧૧. એક બસમાં ૮ મુસાફરો/યાત્રીઓ હતા**



ક) પછીના સ્ટેન્ડ પરથી ૪ વધુ મુસાફરો/યાત્રીઓ બસમાં ચડ્યા.તો, હવે બસમાં કુલ કેટલા મુસાફરો/યાત્રીઓ હશે? __________

ખ) ડ્રાઈવર/ચાલક સહીત ગણતાં, બસમાં કુલ કેટલા લોકો થશે? __________

ગ) જો બસમાં હજુ પણ ૬ સીટ ખાલી હોય, તો આ બસમાં કુલ કેટલી સીટ હશે?


__________

ઘ) બસમાં જો ૭ મુસાફરો/યાત્રીઓ મહિલા હોય, તો પુરુષ મુસાફરો/યાત્રીઓની સંખ્યા કેટલી?

__________

ઙ) પછીના સ્ટેન્ડ પર ૩ મહિલા અને ૨ પુરુષ મુસાફરો/યાત્રીઓ ઉતરી ગયા, તો હવે બસમાં કેટલા મુસાફરો/યાત્રીઓ રહ્યા ?__________

**૧૨. ૭ મિત્રો કુલ્ફી ખાવા બહાર જાય છે.**




ક) જો તેમાંથી ૩ છોકરીઓ હોય, તો છોકરા કેટલા હશે? ________

ખ) જો ૨ મિત્રો ઓર્ડર આપવા કુલ્ફી વાળા પાસે ગયા હોય,તો તે સમયે કેટલા મિત્રો રાહ જોતાં ઊભા રહ્યા હશે? ________


ગ) કુલ્ફી વાળા પાસે તો ફક્ત ૫ ચોકોબાર કુલ્ફીઓ હતી. હવે જો તેઓ ૫ ચોકોબાર કુલ્ફી ખરીદે, તો કેટલા મિત્રોને કુલ્ફી ના મળે? ________

ઘ) કુલ્ફીવાળા એ ૧૦ મેંગો કુલ્ફી આપી. પણ તેઓએ તેમાં થી દરેક માટે ૧-૧ એમ કુલ ૭ કુલ્ફી લીધી. હવે તેમણે વધારાની કેટલી કુલ્ફી કુલ્ફીવાળાને પાછી આપી હશે? ________

ઙ) અન્ય એક માણસે, પેલી ૫ ચોકોબાર કુલ્ફી અને ૨ વધેલી મેંગો કુલ્ફી ખરીદી લીધી. તો તે માણસે કુલ કેટલી કુલ્ફી ખરીદી હશે? ________

ચ) કુલ્ફીવાળા એ તે દિવસે કુલ કેટલી કુલ્ફી વેચી? ________

**૧૩. એક જુથ મેળામાં જાય છે**




ક) અહીં કુલ કેટલા લોકો છે? ________
ઉપર દર્શાવવામાં આવેલી  રાઈડના દરેક રીંછમાં ૨-૨ લોકો જ બેસી શકે છે. __________

ખ) જો આ બધા જ લોકો તે રાઈડમાં બેસે, તો કુલ કેટલા રીંછ ભરાશે? __________


ગ) કેટલા લોકો રાઈડમાં નહીં બેસી  શકે? ________
બીજા દિવસે, ૨ રીંછ તૂટી ગયા.

ઘ) તો હજુ કેટલા રીંછ સારા રહ્યા?

**૧૪. અજય અને રાજ પાસા વડે રમે છે.**
**બંને વારાફરતી 3-3 વખત પાસો નાખે છે.**




ક) પહેલા અજય 3 વખત પાસો નાંખે છે, અને આ સંખ્યા મેળવે છે.




અજયનો સ્કોર છે ૪+૧+3 એટલે કુલ ૮

ખ) રાજ ત્રણ વખત પાસો નાંખે છે અને તેને દરેક વખતે આ સંખ્યાઓ આવે છે :




તો રાજનો સ્કોર કેટલો થયો? ઉદા. તરીકે ૨+૬+૧=૯

ગ) અજય ફરીથી ત્રણ વખત પાસો નાંખે છે અને આ સંખ્યાઓ આવે છે:




અજયનો સ્કોર કેટલો છે? ____ +____ +____ =____

ઘ) રાજ ફરીથી ત્રણ વખત પાસો નાંખે છે અને આ સંખ્યાઓ આવે છે:




રાજનો સ્કોર કેટલો છે? ____ +____ +____ =____

ઙ) અજય ત્રીજી વખત માટે ફરીથી ત્રણ વખત પાસો નાંખે છે અને આ સંખ્યાઓ આવે છે:




અજયનો સ્કોર કેટલો છે? ____ +____ +____ =____

ચ) રાજ ત્રીજી વખત માટે ફરીથી ત્રણ વખત પાસો નાંખે છે અને આ સંખ્યાઓ આવે છે:




રાજનો સ્કોર કેટલો છે? ____ +____ +____ =____

છ) આ વખતે અજય ચાર વખત પાસો નાંખે છે અને આ સંખ્યાઓ આવે છે:



અજયનો સ્કોર? ____ +____ +____ =____

જ) રાજ પણ ચાર વખત પાસો નાંખે છે અને આ સંખ્યાઓ આવે છે:



રાજનો સ્કોર? ____ +____ +____ =____


---


## ૧૫. એક સ્ટેશનરીની દુકાનમાં વસ્તુઓનાં આ મુજબ ભાવ હતા

નોટબુક = ૧૮ રૂ.

પેન્સિલ = ૩ રૂ.









કાતર ૩૫ રૂ.

ફૂટપટ્ટી ૧૨ રૂ.

ક) જય ૨ પેન્સિલ ખરીદે છે. તો તેને કેટલા રૂપિયા ચુકવવા પડશે? _________
જો તે પૈસા ચુકવવા માટે તે ૧૦ રૂ. આપે, તો તેને કેટલા રૂ. પાછા મળશે? _________

ખ) રોશની ૧ પેન્સિલ અને ૧ ફૂટપટ્ટી ખરીદે છે. તો તેણી એ કેટલા રૂપિયા ચુકવવા પડશે? _________
જો તેણી દુકાનદારને ૨૦ રૂ. આપે, તો તેને કેટલા રૂ. પાછા મળશે? _________

ગ) ટેન પાસે ૨૦ રૂ. છે. તે એક નોટબુક ખરીદે છે. તો વધેલા પૈસામાં થી તે હજી શું ખરીદી શકશે? _________

ઘ) રીમા પાસે ૫૦ રૂ. છે. લખીને જણાવો કે તે શું ખરીદી શકશે. _________

**૧૬. જીયાનાં ઘરે ૫ મિત્રો સાથે મળીને ગૃહકાર્ય કરી રહ્યા હતા.**



ક) રવિ એ ૨ સફરજન પોતાનાં માટે લીધા, ૧ જીયા માટે લીધું અને ૧ મીત માટે લીધું. તો તેણે કુલ મળીને કેટલા સફરજન લીધા? જવાબ: ______

ખ) ફ્રીજમાં હવે કેટલા સફરજન પડ્યા રહ્યા? જવાબ: ______

ગ) રવિ એ ૧ પેર/નાસપતી/જામફળ/રામફળ પોતાનાં માટે લીધું, ૨ પલ માટે લીધા અને ૨ નીરુ માટે લીધા. તો તેણે કુલ મળીને કેટલા પેર/નાસપતી/જામફળ/રામફળ લીધા? જવાબ: ______

ઘ) કેટલા પેર/નાસપતી/જામફળ/રામફળ ફ્રીજમાં પડ્યા રહેશે? ______

ઙ) હવે ફ્રીજમાં કુલ મળીને કેટલા ફળ પડ્યા રહ્યા છે? ______

ચ) દરેક પોત-પોતાની બોટલને ઠંડી કરવા માટે ફ્રીજમાં મુકે છે. તો હવે કુલ મળીને કેટલી બોટલો ફ્રીજમાં હશે? ______

છ) દરેક માટે સેન્ડવીચ બનાવવા માટે રવિ ને ૧૦ બ્રેડની જરૂર છે. હવે ફ્રીજમાં કેટલી બ્રેડ પડી છે?

______

જ) કેટલી વધુ બ્રેડની જરૂર છે? ______

**૧૭. ૧૦ લોકો સાથે બેસીને થીયેટરમાં પિક્ચર જોઈ રહ્યા છે.**



ક) તેમાં થી ૩ જતા રહે છે. તો હવે કેટલા રહ્યા? ____________

ખ) ૩ વધુ લોકો જતા રહે છે, તો હવે કેટલા રહ્યા? ____________

ગ) હજી એક માણસ જતો રહે છે. હવે કેટલા રહ્યા? ____________

ઘ) હવે ૧૦ લોકો કે જે બહાર લાઈનમાં ઊભા હતા, તે અંદર આવે છે અને જોવે છે કે અમુક લોકો તો હજી પણ અહીં બેઠેલા છે. તો હવે કુલ મળીને કેટલા લોકો થીયેટરમાં છે? ____________

ઙ) નવા આવનારા લોકો જે લોકો ખાઈ તથા પી રહ્યા હોય, તેમને જવાનું કહે છે. તો હવે કેટલા લોકો રહ્યા? ____________

ચ) જેટલા એ પણ ટોપી પહેરી હોય, તેઓ જતા રહે છે. તો હવે કેટલા રહ્યા? ____________



TOGETHER IN DEVELOPMENT AND EDUCATION

TIDE
FOUNDATION


૮ દીપાવલી સેંટર, જૂની હાઈકોર્ટની પાછળ, ઈન્કમટેક્સ સર્કલ, અમદાવાદ. ૩૮૦૦૧૪

info@tideinternational.org

tideinternational.org

@togetherindevelopmentandeducation

+૯૧ ૭૦૪૧૦૯૪૦૮૨